## યાકૂબે સ્વર્ગનું દર્શન  જોયું.

**પ્રાર્થના** - વ્હાલાં પ્રભુ, જૂના કરારના ઈસ્ત્રાએલની શરૂઆતના પૂર્વજોના સાહસો અને પાઠો ઉત્સાહથી સમજવામાં આ બાળકોની સહાય કરો.

એવી પ્રવૃત્તિ પસંદ કરો જે આ બાળકોની ઉંમર સાથે બંધબેસતી હોય.

યાકૂબે સ્વપ્નમાં એક સીડી જોઈ જેની ટોચ આકાશે પહોંચતી હતી અને જેના પર દેવના દૂતો ચઢતા અને ઉતરતાં હતા. ઉત.૨૮:૧૨.

કોઈ મોટો છોકરો કે સભાજન યાકૂબની સીડીની વાર્તા ઉત.૨૮:૧૦-૨૨માંથી વાંચે. તે વાર્તા આપણને જણાવે છે કે દેવે હાલના ઈસ્ત્રાએલના પૂર્વજોમાંના એક આદિપિતાને, એટલે યાકૂબને પોતાનું પ્રકટીકરણ આપ્યું.

વાર્તા કહ્યા પછી આ પ્રશ્નો પૂછો (સાથે જવાબો છે)

- મુસાફરી દરમ્યાન તકિયા તરીકે યાકૂબે શેનો ઉપયોગ કર્યો ? (કલમ-૧૧)
- યાકૂબે કેવું સ્વપ્ન જોયું ? (કલમ-૧૨)
- યાકૂબને થનાર સંતાનોની સંખ્યા વિષે પ્રભુએ શી પ્રતિજ્ઞા આપી ? (ક-૧૪)
- પૃથ્વીના દરેક કુટુંબને આશિર્વાદ મળવા માટે કઈ વ્યક્તિ વિષે દેવે કહ્યું ? (ક-૧૪)
- તેની મુસાફરી બાબતે દેવે યાકૂબને શી ખાતરી આપી ? (ક-૧૫)
- જ્યારે જાગ્યો ત્યારે યાકૂબ શા માટે બીધો ? (ક૧૬-૧૭)
- દેવે તેને આપેલ સર્વમાંથી દશમો ભાગ આપવાનું યાકૂબે કોને વચન આપ્યું ? (ક૨૦-૨૨)

યાકૂબના દર્શનના નાટકના ભાગો તૈયાર કરો.

- બાળકો સભામાં આ સંક્ષિપ્ત નાટકના ભાગો રજુ કરે માટે આગેવાન સાથે ગોઠવણ કરો.
- સન્ડેસ્કૂલના સમયે આ નાટક તૈયાર કરો.
- તમારે બધા ભાગોનો ઉપયોગ કરવાનો નથી.
- મોટા છોકરાઓ નાના છોકરાઓને નાટક તૈયાર કરવામાં મદદ કરે.

- મોટા છોકરાઓ કે સભાજનોમાંથી કોઈ આ પાત્રો ભજવે

  **યાકૂબ** : એક પથ્થર અને નાની શીશી તૈયાર રાખવી

  **દેવનો અવાજ.**

  **ઉદ્‌ઘોષક :** વાર્તાને સંક્ષિપ્ત કરવી અને બાળકોને જે બોલવાનું છે તે માટે તૈયાર કરે.

- **નાના બાળકો દૂતો**ની ભૂમિકા ભજવે. ખુરશીઓનો ઉપયોગ કરવો અને સીડી માટે વ્યવસ્થા કરવી.

**ઉદ્‌ઘોષક :** ઉત.૨૮:૧૦-૨૨માંથી વાર્તા કહેવી પછી કહે, સાંભળો, યાકૂબ શું કહે છે.

**યાકૂબ :** માથા નીચે પથ્થર મૂકીને સૂઈ જાય. એ વખતે કહે 'અત્યારે રાત છે. મેં બહુ મુસાફરી કરી છે અને હું થાકી ગયો છું મારે સૂવું જોઈએ'

**દૂતો :** સીડી યાકૂબની પાસે ગોઠવે  અને તેના ઉપર ચઢ-ઉતર કરે.

**દેવ નો અવાજ :** (દરેક પ્રતિજ્ઞા જોરથી, કોમળતાથી અને સ્પષ્ટ બોલવી.)

''યાકૂબ હું તારા પિતા ઈસ્હાક અને તારા દાદા ઈબ્રાહીમનો દેવ છું.

''હું તારા સંતાન ઘણાં વધારીશ.

''તેમના દ્વારા હું આખી દુનિયાને આશીર્વાદ આપીશ.

''હું તારી સંભાળ રાખીશ.''

**દૂત :** જતા રહે છે અને સીડી લઈ લે છે.

**યાકૂબ :** ઉઠી જાય છે. ઉભો થઈને કહે છે 'કેવું જબરૂ સ્વપ્ન! આ ભયાનક જગા છે. દેવ અહીં છે ! હું અહીં એક સ્મારક બનાવીશ. (પથ્થર લે છે અને બધા જોઈ શકે તેમ ઉભો કરે છે. શીશીમાંથી પથ્થર ઉપર તેલ રેડતો હોય તેવો દેખાવ કરેછે. પછી કહે છે, જો દેવ મારી સર્વ મુસાફરીમાં મારી સંભાળ લેશે તો તે મારો દેવ થશે.'

**ઉદ્‌ઘોષક :** મદદ કરનાર બધાનો આભાર માને.

**પ્રશ્નો :** જો બાળકોએ સભાજનો સમક્ષ આ નાટક કર્યું હોય તો ઉપર જણાવેલ પ્રશ્નો તેઓ પૂછે.

બાળકોને **પૂછો** - બીજા ક્યા માર્ગોએ દેવે માણસોને પોતાનું પ્રકટીકરણ આપ્યું છે ? (બાળકો દાખલા પણ આપે)

એક સીડીનું **ચિત્ર દોરો** અને બાળકો તેની કોપી કરે. ભજનસેવા વખતે આ ચિત્રો  લોકોને બતાવવા અને બાળકો સમજાવે કે આપણે જોઈ ન શકીએ તો પણ દેવ આપણી આસપાસ છે.

એફે. ૫:૨૦ **મોઢે કરાવો.**

‘‘આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામમાં દરેક બાબતો માટે દેવ આપણા પિતાનો હંમેશા આભાર માનો.’’

**મોટા બાળકો** એવા પ્રકારનું ગીત બનાવે કે દેવ જેઓ તેના પર વિશ્વાસ કરે છે તેમની દેખભાળ લેવા માટે હંમેશા તેમની પાસે હાજર હોય છે.

**ગીત** ચાર બાળકો ગી.૧૩૯:૭-૧૦ કલમો મૌખિક બોલી જાય.

હું મારા આત્મા પાસેથી ક્યાં જાઉં ?
 કે તારી હાજરીમાંથી ક્યાં ઉડી જાઉં ?
જો હું આકાશમાં ચઢી જાઉં, તો તું ત્યાં છે
 જો હું કબરમાં મારી પથારી કરૂં તો તું ત્યાં છે
જો હું સવારની પાંખો લઉં
 જો હું સમુદ્રને પેલે પાર જાઉં
તો ત્યાં પણ તારો હાથ મને દોરશે
 અને તારો જમણો હાથ મને પકડી રાખશે.

**પ્રાર્થના :** પિતાજી, યાકુબની આગળ તમે પોતાને પ્રગટ કર્યા માટે અમે તમારો આભાર માનીએ છીએ. જેમ યાકૂબની સાથે તમે હતા તેમ તમે અમારી સાથે પણ હંમેશા છો તે અમે જાણીએ છીએ. તેની જેમ તમારા પર વિશ્વાસ કરવા અમારી સહાય કરો. યાકૂબના સંતાન ઈસુ મારફતે મને અને બીજાઓને પણ આશીર્વાદો આપવા માટે અમે તમારો આભાર માનીએ છીએ.